Please check the examination details below before entering your candidate information

| Candidate surname | Other names |
| --- | --- |
| | |

Centre Number

Candidate Number

# Pearson Edexcel Level 1/Level 2 GCSE (9–1)

## Tuesday 4 June 2024

Morning (Time: 1 hour 5 minutes)

**Paper reference** **1GU0/3H**

# Gujarati

## PAPER 3: Reading and understanding in Gujarati

**Higher tier**

**You do not need any other materials.**

Total Marks

## Instructions

- Use **black** ink or ball-point pen.
- **Fill in the boxes** at the top of this page with your name, centre number and candidate number.
- Answer **all** questions in sections A, B and C.
- Questions in Section A and C are set in English.
- Questions in Section B are set in Gujarati.
- Answer the questions in the spaces provided – *there may be more space than you need.*
- You must **not** use a dictionary.

## Information

- The total mark for this paper is 50.
- The marks for **each** question are shown in brackets
  – *use this as a guide as to how much time to spend on each question.*
  – *you should spend approximately 15 minutes on the translation question.*

## Advice

- Read each question carefully before you start to answer it.
- Try to answer every question.
- Check your answers if you have time at the end.

*Turn over* ▶


©2024 Pearson Education Ltd.
F:1/1/1/1/1/1


Pearson

## SECTION A

**Answer ALL questions. Write your answers in the spaces provided.**

**Some questions must be answered with a cross in a box ☒. If you change your mind about an answer, put a line through the box ☒ and then mark your new answer with a cross ☒.**

### Relationships

**1** Read Ronak's diary page about his neighbour.

અમારા પાડોશી ગોકુકાકા એકલા જ રહે છે. તેઓ સક્રિય રહેવા બગીચામાં કામ કરે. ગયા વર્ષે વિવિધ શાકભાજી ઉગાડવા માટે સ્થાનિક હરીફાઈમાં તેમને પહેલું ઇનામ મળ્યું હતું.

વૃદ્ધ હોવા છતાં, મારી બધી વાતો તેઓ ધ્યાનથી સાંભળે એટલે મારી દરેક યોજનાઓ વિશે મને તેમની સાથે ચર્ચા કરવી ગમે. હું નિશાળેથી આવું ત્યારે કાકા મારી રાહ જોઈને બેઠા હોય. મારા માટે તેઓ નાસ્તો બનાવીને મને પ્રેમથી જમાડે. તેઓ હંમેશાં પોતાના સમયનો ભોગ આપીને મારી સંભાળ રાખે. ક્યારેક, અમે સાથે બહાર ફરવા પણ જઈએ.

કાકા અમારા પરિવારના એક સભ્ય જેવા છે અને મારો તેમની સાથે દોસ્તીનો અતૂટ સંબંધ છે.

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) How does Gokukaka keep himself active?

**(1)**

..............................................................................................................................

(b) Why does Ronak like to discuss his plans with Gokukaka?

**(1)**

..............................................................................................................................

(c) How does Ronak define his relationship with his neighbour? Give **one** detail.

**(1)**

..............................................................................................................................

**(Total for Question 1 = 3 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA



P 7 5 3 4 8 A 0 2 2 0

**Dance Festival**

**2** Read the extract from Keyur's book. In this extract he is talking about the music and dance festival of *Modhera* in Gujarat.

> ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા દર વર્ષે નૃત્યોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ ઉજવણી મહેસાણા જિલ્લામાં આવેલાં *મોઢેરા* ગામનાં સૂર્ય-મંદિરમાં થાય છે.
>
> દેશભરના કલાકારો, પોતપોતાના પ્રાંતનાં અનોખાં નૃત્યને આ ઉત્સવમાં રજૂ કરીને ભારતની પ્રાચીન પરંપરાને જીવંત રાખે છે. વિદેશના શાસ્ત્રીય સંગીતકારો તેમજ સંગીતમાં રસ ધરાવનારાઓ મોટી સંખ્યામાં અહીં હાજરી આપે છે. હું નસીબદાર છું કે ગયા વર્ષે ભક્તિમય નૃત્યમાં મને વાંસળી વગાડવાનો મોકો મળ્યો હતો. આ રીતે, અમારા જેવા યુવાનોને સાંસ્કૃતિક કલા પ્રદર્શિત કરવાની સુંદર તક મળે છે.
>
> સૂર્ય-મંદિરને હવે *યુનેસ્કોની હેરિટેજ* યાદીમાં સ્થાન મળ્યું છે, તેથી આ ઐતિહાસિક મંદિરની ઉજવણીઓ વિશ્વભરમાં ખૂબ લોકપ્રિયતા પ્રાપ્ત કરશે.

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) Who is the organiser of the dance festival?

**(1)**

..................................................................................................................................................

(b) Why do regional artists perform at the festival?

**(1)**

..................................................................................................................................................

(c) According to Keyur, how are the young artists being promoted?

**(1)**

..................................................................................................................................................

(d) Why does Keyur think that the future of the temple festival is bright?

**(1)**

..................................................................................................................................................

**(Total for Question 2 = 4 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## Holidays

**3** Read the conversation between students on the internet.

વીરા: રજામાં અમે *સેન્ટ આઈવ્સ* ગયાં હતાં. મેં સમુદ્રનાં મોજાં પર સર્ફિંગની મજા તો લીધી પણ દરિયાકિનારે રેતીના કિલ્લા બનાવવાનો આનંદ અનેરો હતો. અહીંનું બંદર ખૂબ નયનરમ્ય છે. કળા-પ્રદર્શન બંધ હતું તેથી ત્યાં જવાયું નહીં.

અવની: શાળામાંથી અમે શિબિરના પ્રવાસમાં *વેલ્સ* જવાનાં છીએ એટલે એની તૈયારીમાં વ્યસ્ત છું. સુંદર ગ્રામ્યવિસ્તારમાં અમારા માટે છાવણીની સુવિધા હશે. ખરીદી માટે ત્યાં ખેતરની દુકાન છે એટલે અમને આરોગ્યપ્રદ ખાવાનું મળશે. હું ઘોડેસવારી કરવા માટે આતુર છું.

પાર્થ: મિત્રો સાથે પર્વતારોહણ કરવા માટે હું *લેક ડિસ્ટ્રિક્ટ* ગયો હતો. તાલીમ આપનારાની મદદથી હું પહાડની પહેલી ટોચ ઉપર પહોંચ્યો. ચારે બાજુ ઊંચા પહાડો, સુંદર હરિયાળી અને વચમાં વહેતું ઝરણું હું જોઈ શકતો હતો. ખરેખર અદ્ભુત દૃશ્ય હતું!

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) Which activity did Veera enjoy the most during her holiday?
**(1)**

..............................................................................................................................

(b) What outdoor activity is Avni looking forward to doing?
**(1)**

..............................................................................................................................

(c) When was Parth able to enjoy the scenery?
**(1)**

..............................................................................................................................

(d) What indicates that Avni supports the local farmers?
**(1)**

..............................................................................................................................

(e) What opportunity did Veera miss while on holiday?
**(1)**

..............................................................................................................................

**(Total for Question 3 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA



P 7 5 3 4 8 A 0 4 2 0

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**BLANK PAGE**

**QUESTION 4 BEGINS ON THE NEXT PAGE**

## Directions

**4** Read the extract below from a literary text about the directions using maps.

> વર્ષો પહેલાં, દિશાસૂચક યંત્ર ન હતાં ત્યારે માર્ગ શોધવા માટે સૂર્ય ઊગવાની અને આથમવાની દિશાનો ઉપયોગ થતો. કોઈ પણ જગ્યાએ જવું હોય તો ઇમારત કે વૃક્ષને નિશાની તરીકે રખાતાં. તેમજ સ્થાનિક લોકો પાસેથી મૌખિક સૂચનો લઈને ત્યાં પહોંચાતું. દરિયામાં પવન કઈ બાજુ ફૂંકાય છે તેના પરથી ખલાસીઓ વહાણોની દિશા નક્કી કરતાં. મુસાફરી દરમિયાન તેઓ પર્વતો અથવા દરિયાકિનારા જેવાં કુદરતી સ્થળોની નજીક રહેતા.
>
> ત્યારબાદ કંપાસ શોધાયા એટલે ઉત્તર અને દક્ષિણ દિશાઓ નક્કી થઈ. આના આધારે બીજી અન્ય દિશાઓ શોધવાનું શક્ય બન્યું. આ સાધનનો વપરાશ જમીન પર, દરિયામાં તેમજ આકાશમાં દિશાસૂચન માટે થાય છે. તેના ઉપયોગથી દરેક દેશોએ પોતાની સીમા અનુસાર નકશાઓ તૈયાર કર્યાં. જેમાં શેરીઓ, રસ્તાઓ, ધોરીમાર્ગો, ઇમારતો અને શહેરોનાં નામોનો સમાવેશ કરવામાં આવ્યો. વાહનચાલકો માટે માર્ગ શોધવા માટે રસ્તાના નકશાઓ લોકપ્રિય બન્યાં.
>
> આજે *એપલ* નકશા જેવી અન્ય સુવિધાઓ દુનિયાભરના દેશોમાં દિશાસૂચન માટે વપરાય છે.

Put a cross ☒ in the correct box.

**Example:** In ancient times the … was used as a tool to find directions.

| | |
|---|---|
| ☒ | **A** sun |
| ☐ | **B** moon |
| ☐ | **C** sky |
| ☐ | **D** earth |

(i) While navigating, the sailors would depend on the … direction.

**(1)**

| | |
|---|---|
| ☐ | **A** water |
| ☐ | **B** wind |
| ☐ | **C** road |
| ☐ | **D** land |

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(ii) The … was useful to decide the initial directions.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** road map |
| ☒ | **B** headset |
| ☒ | **C** light |
| ☒ | **D** compass |

(iii) In the old times travellers used … as direction indicators.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** tall buildings |
| ☒ | **B** natural places |
| ☒ | **C** beautiful villages |
| ☒ | **D** historical places |

(iv) Detailed maps became an essential guide for …

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** divers. |
| ☒ | **B** pilots. |
| ☒ | **C** drivers. |
| ☒ | **D** sailors. |

(v) According to the given extract, today facilities like … are used to find directions.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** Apple Maps |
| ☒ | **B** MapQuest |
| ☒ | **C** CityMapper |
| ☒ | **D** OpenStreetMap |

**(Total for Question 4 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## Celebrating success

**5** Read this online article, where students talk about celebrating success.

સુમિત: મને બાળપણમાં રમતગમત બિલકુલ ગમતી ન હતી. આમ છતાં, મારી માતાનાં પ્રોત્સાહનથી મેં દોડવાનો મહાવરો ચાલુ રાખ્યો. દોડવાની રાષ્ટ્રીય હરીફાઇમાં જ્યારે પ્રથમ સ્થાન મેળવ્યું ત્યારે ખૂબ ગર્વ અનુભવ્યો. મારી બાળપણની રમત પ્રત્યેની નાપસંદગી મને દોડની સમાપ્તિની રેખા પાર કરતાં રોકી શકી નથી. હવે હું ઑલિમ્પિકમાં ભાગ લેવા માંગુ છું.

સીયા: નાની હતી ત્યારથી જ મને જીવનમાં આગળ આવવા માટે કંઈક કરવાનો ઉત્સાહ હતો. મારી આંગળીઓ ખૂબ દુખતી તે છતાં પિઆનો શીખવાનું મેં ચાલુ રાખ્યું. મારી આ મહેનતના કારણે હું આજે પિઆનો સુંદર રીતે વગાડી શકું છું. તાજેતરમાં એક સંગીતના જલસામાં જ્યારે પ્રેક્ષકોએ ઊભા થઈને શાબાશી આપી ત્યારે અદ્ભુત લાગણી થઈ હતી.

ધારા: બીજા દેશમાંથી આવવાને કારણે મને સ્થાનિક ભાષાનો ઉપયોગ કરવામાં તકલીફ પડતી. પરંતુ હાર ન માનતા મેં વાંચન શક્તિને ખીલવી અને ભાષાઓ શીખીને બાળવાર્તાઓ લખી. લેખક બનીને હું મારી તાકાતને ઓળખી શકી.

યુગ: મારા માતા-પિતાની ઇચ્છા હતી કે હું બેંકમાં અધિકારી બનું. પરંતુ, મેં ચિત્રકામ કરવાનો મારો શોખ ચાલુ રાખ્યો. પ્રદર્શનમાં મારી કળાને પ્રથમ સ્થાન મળ્યું. જ્યારે હું પ્રસિદ્ધ ચિત્રકાર બન્યો ત્યારે પરિવારજનો અત્યંત ખુશ થયા.

Who says what? Choose the correct answer from **Sumit, Sia, Dhara** and **Yug**.

(a) .................................................................. had a standing ovation in the concert.
**(1)**

(b) .................................................................. is very positive about winning sports competitions.
**(1)**

(c) .................................................................. initially found conversation with local people challenging.
**(1)**

(d) .................................................................. got recognition in the exhibition.
**(1)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA



P 7 5 3 4 8 A 0 8 2 0

Answer the following questions **in English**.

(e) What made Yug's family very happy?

**(1)**

..............................................................................................................................................................................................................

(f) How was Dhara able to identify her strength?

**(1)**

..............................................................................................................................................................................................................

**(Total for Question 5 = 6 marks)**

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

## Learning languages

**6** Read the article about Kayan learning and teaching Gujarati.

હું નિશાળમાં હતો ત્યારે દૂરદર્શન પર ગુજરાતીમાં એક સામાજિક શ્રેણી આવતી હતી. મને ગુજરાતી આવડતું ન હોવાથી ખાસ સમજણ ન પડતી પણ કલાકારોનો અભિનય ગમવાથી મેં આ કાર્યક્રમ જોવાનું શરૂ કર્યું. અંગ્રેજીમાં પેટામથાળાં વાંચીને ગુજરાતી સમજવાની કોશિશ કરવા લાગ્યો. ધીરે ધીરે હું મારી માતૃભાષા સરસ રીતે સમજવા અને બોલવા લાગ્યો. હું આટલું જલદી આ શીખી ગયો તેની મને ખુશી થઈ.

મેં નક્કી કર્યું કે હવે તો મારે ગુજરાતીમાં વાંચતા લખતાં શીખવું જ છે એટલે મેં દર શનિવારે તેના વર્ગોમાં જવાની શરૂઆત કરી. અહીં મારા કેટલાંય મિત્રો બન્યાં. અમે એકબીજાની સાથે ઘણી મજાની વાતો કરતાં.

મેં નક્કી કર્યું કે હવે ભાષા શીખી લીધી છે તો મારે આ જ્ઞાન બીજાને આપવું છે. શાળા પછી મેં બાળકોને ભણાવવાનું શરૂ કર્યું. વિદ્યાર્થીઓ વાંચતા, લખતા, બોલતા અને શબ્દોની આપલે કરતા શીખ્યા આથી તેઓની વિચાર શક્તિ ખીલવા લાગી. બાળકોના માતા-પિતાએ તેઓની સાથે અન્ય પ્રવૃત્તિઓ કરવામાં મને સાથ આપ્યો. હવે મેં ઑનલાઇન વર્ગો શરૂ કર્યાં જેથી વિશ્વભરના લોકો તેનો લાભ લઈ શકે છે. મને ખુશી છે કે હવે દુનિયાના દરેક ખૂણામાં ગુજરાતી ભાષાના મારા વિદ્યાર્થીઓ છે. ભારતમાં રહેતાં મારા વડીલોએ કહેલી વાત સાચી પડી કે આપણે કંઈ કરવા ઇચ્છીએ તો જરૂર કરી શકીએ.

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(i) What does the article tell us?

**(3)**

Put a cross ☒ next to the **three** correct sentences.

| | |
|---|---|
| ☒ | **Example:** The television series was about Gujarati culture. |
| ☒ | **A** Modern technology allowed people worldwide to learn the language. |
| ☒ | **B** Community schools run Gujarati classes during the weekdays. |
| ☒ | **C** The writer understood his grandparents' advice about achievement. |
| ☒ | **D** It was difficult to make friends at the community school. |
| ☒ | **E** A language can only be promoted through the internet. |
| ☒ | **F** Only local students benefited from the online classes. |
| ☒ | **G** Acting in the television series was amazing. |

Answer the following questions **in English**.

(ii) According to the article, how is it possible to learn a language from television?

**(1)**

.......................................................................................................................................

(iii) How did the writer improve his skills further after learning the language?

**(1)**

.......................................................................................................................................

**(Total for Question 6 = 5 marks)**

**TOTAL FOR SECTION A = 28 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## SECTION B

### શાળાઓ

**7** નિશાળનાં સામયિકમાં શાળાઓ વિશે રચનાનો લેખ વાંચો.

ગામડાંમાં ચાર ધોરણ ભણીને હું શહેરની શાળામાં આવી. શરૂઆતમાં મારી સખીઓની યાદ આવવાથી હું ઉદાસ રહેતી. હવે બધાં સાથે ભળી જવાથી હું ખુશ છું.

અમારા વર્ગમાં ઘણા વિદ્યાર્થીઓ છે એટલે શિક્ષક ત્યાંની શાળાની જેમ દરેક પર ધ્યાન આપી શકતા નથી. પહેલાંની નિશાળમાં શિક્ષકોને સવાલ પૂછતાં અમને ડર લાગતો. શહેરમાં વિદ્યાર્થીઓ શરમાયા વગર બધી જાતની ચર્ચાવિચારણા કરી શકે છે. મને નવી ટેક્નોલૉજિ દ્વારા શીખવાનું બહુ ગમે છે. અહીં રમતગમત માટે કેટકેટલી સગવડો છે, જ્યારે ત્યાં અમે નાનકડી જગ્યામાં દેશી રમતો રમતાં.

અહીંના વર્ગમાં વિદ્યાર્થીઓ ક્યારેક મસ્તી કરે છે જે મને ગમતું નથી.

સાચાં ખાનામાં ☒ કરો.

**ઉદાહરણ:** રચના શહેરમાં ... માટે આવી હતી.

| | |
|---|---|
| ☐ | **A** રજાઓમાં ફરવા |
| ☒ | **B** આગળ ભણવા |
| ☐ | **C** નોકરી મેળવવા |
| ☐ | **D** પરીક્ષા આપવા |

(i) નવી ... શરૂ કરી ત્યારે રચનાને તેની સખીઓની યાદ આવતી હતી.

**(1)**

| | |
|---|---|
| ☐ | **A** શાળા |
| ☐ | **B** રમત |
| ☐ | **C** ટેક્નોલૉજિ |
| ☐ | **D** ચર્ચા |

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(ii) શહેરની શાળામાં વિદ્યાર્થીઓ શિક્ષકો સાથે ... વાત કરે છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** શરમાઈને |
| ☒ | **B** ખરાબ રીતે |
| ☒ | **C** મુક્ત રીતે |
| ☒ | **D** ડરીને |

(iii) રચનાને લાગે છે કે શહેરના શિક્ષકો વિદ્યાર્થીઓને પૂરતો ... નથી આપતા.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** દંડ |
| ☒ | **B** સમય |
| ☒ | **C** મોકો |
| ☒ | **D** અનુભવ |

(iv) રચનાને લાગે છે કે શહેરની શાળામાં વધારે ... છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** નિયમો |
| ☒ | **B** શાંતિ |
| ☒ | **C** સ્વતંત્રતા |
| ☒ | **D** સામયિકો |

(v) ગામની શાળામાં રમતગમત માટે ...

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** ઘણાં સાધનો હતાં. |
| ☒ | **B** ઘણાં મેદાન હતાં. |
| ☒ | **C** ઓછો સમય હતો. |
| ☒ | **D** અપૂરતી જગ્યા હતી. |

**(Total for Question 7 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## તહેવારો

**8** તમે ભારતમાં ઉજવાતા ઉત્સવો વિશે વાંચો છો.

| | |
|---|---|
| મકરસંક્રાંતિ | આ ઉત્સવ ભારતમાં અનેક રીતે ઊજવાય છે. ગુજરાતમાં તો પતંગ ઉડાડવાની આંતરરાષ્ટ્રીય સ્પર્ધા યોજાય છે. એકબીજાના રંગબેરંગી પતંગોને કાપવા માટે બૂમાબૂમ કરતા લોકોને જોવાનો આનંદ અનેરો હોય છે. |
| *રણ ઉત્સવ* | આ તહેવારની ઊજવણીમાં વિશ્વભરના મુલાકાતીઓને કચ્છની સંસ્કૃતિનો પરિચય મળે છે. લોકો તંબૂઓમાં રહેવા પડાપડી કરતા હોય છે. હાથેથી બનાવેલાં ઘરેણાં, સ્થાનિક વાનગીઓ અને ઊંટસવારી અહીંની ખાસિયતો છે. |
| હોળી-ધૂળેટી | આ દિવસે હોળી પ્રગટાવીને તેનું પૂજન થાય. બીજા દિવસે ધૂળેટી એટલે રંગનો ઉત્સવ. ધાણી અને ખજૂર ખાઈ, નાનાં-મોટાં સૌ એકબીજા પર રંગ ઉડાડીને ઉજવણીનો આનંદ માણે છે. |
| ગણેશચોથ | આ પવિત્ર તહેવારમાં શ્રદ્ધાળુઓ ગણપતિજીની રંગીન મૂર્તિને ઘરે લાવીને, ધાર્મિક ગીતો અને નાટકોના કાર્યક્રમો ગોઠવે. દસમે દિવસે નાચતાં કૂદતાં મૂર્તિને સમુદ્રમાં વહેતી મૂકી દે છે. |

તમે કયા ઉત્સવમાં જવાનું પસંદ કરશો? મકરસંક્રાંતિ, *રણ ઉત્સવ*, હોળી-ધૂળેટી **અથવા** ગણેશચોથ. તમે એકથી વધારે વાર શબ્દોનો ઉપયોગ કરી શકો છો.

**ઉદાહરણ:** પતંગોની મજા માણવા ....................મકરસંક્રાંતિ.................... ઉજવવા જવું.

(a) કચ્છની પરંપરાનો અનુભવ લેવા માટે ........................................ જવું. **(1)**

(b) પરિવાર સાથે રંગોથી રમીને ........................................ ઉજવાય. **(1)**

(c) ........................................ ભક્તિરસનો આનંદ માણવા માટેનો ઉત્સવ છે. **(1)**



P 7 5 3 4 8 A 0 1 4 2 0

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(d) જાતજાતની બંગડીઓ ખરીદવા માટે ........................................................................................ જઈ શકાય.

**(1)**

(e) હરીફાઈની મજા લેવાનો તહેવાર એટલે ........................................................................................ .

**(1)**

**(Total for Question 8 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

મહત્ત્વાકાંક્ષા

**9** નીચેનું વેબ પેજ વાંચો.

સુરત શહેરની એક સ્થાપત્ય કંપની, દેશભરના વિદ્યાર્થીઓને સ્વયંસેવા કરવાની તક આપે છે. ખૂબ જ અનુભવી એવા આર્કિટેક્ટ સાથે સૌએ કામ કરવાનું હોય છે. રહેવાની તથા ખાવા-પીવાની સગવડો કંપની તરફથી મળે છે.

ગણિત અને અંગ્રેજીની સાથે ટેક્નિકલ ચિત્રો દોરવા માટે કંપ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી છે. જો કે કેટલીકવાર ઝીણવટવાળી ડિઝાઇન માટેનાં ચિત્રો હાથેથી જ દોરવા પડે છે.

કચેરીઓ અને મનોરંજન કેન્દ્રો જેવી નવી ઇમારતો બનાવાની યોજના, બાંધકામની દેખરેખ, વગેરે માટે કંપનીમાં અલગ અલગ વિભાગો છે. દરેક વિભાગમાં કામ કરીને વિદ્યાર્થીઓને એક જુદો જ અનુભવ મળે છે. ભૂકંપથી ભાંગી પડેલા વિસ્તારો તથા નુકસાન પામેલાં પ્રાચીન સ્મારકોના વિભાગમાં મદદ કરવા દર વર્ષે ઘણા રસ દેખાડે છે. જો કે ગયાં વર્ષે, બગીચાઓ અને ઉદ્યાનોના વિકાસ માટે જે વિભાગ જવાબદાર હતો તેમાં કામ કરવા માટે વિદ્યાર્થીઓની સંખ્યા વધી હતી. સુરતના બગીચાઓની અદ્ભુત ડિઝાઇનો તૈયાર કરવામાં સ્વયંસેવકોનો મોટો ફાળો હતો.

અનુભવી આર્કિટેક્ટ સાથે કામ વિશેની કોઈપણ ચર્ચા કરી શકાય તેમજ મદદ કરનારાઓને બાંધકામની જગ્યાઓ જોવાની તક મળે. આ સિવાય, મકાનો બાંધવાના કાયદા અને સલામતીના ખૂબ જરૂરી એવા નિયમો વિશે પણ સરળતાથી શીખી શકાય છે.

આ કંપનીમાંથી મળેલ અનુભવના લીધે ઘણા સ્વયંસેવકોને દેશના સારામાં સારા વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મળ્યો છે.

નીચેના સવાલોનાં **ગુજરાતીમાં** જવાબ લખો. આખાં વાક્યમાં જવાબ લખવાની જરૂર નથી.

(a) સુરતની કંપનીમાં જોડાવા માટે વિદ્યાર્થીઓને કેટલો ખર્ચ કરવો પડે છે?

**(1)**

..........................................................................................................................................

(b) કેવી જાતનું કામ ટેક્નોલોજિ વગર વધારે સારી રીતે થાય છે?

**(1)**

..........................................................................................................................................

(c) ઐતિહાસિક ઇમારતોને બદલે આધુનિક બાંધકામનો વિભાગ વધારે લોકપ્રિય બન્યો છે એવું શેના પરથી લાગે છે?

**(1)**

..........................................................................................................................................

DO NOT WRITE IN THIS AREA



P 7 5 3 4 8 A 0 1 6 2 0

(d) વિદ્યાર્થીઓ કામ કરતી વખતે સુરક્ષિત રહેતાં કેવી રીતે શીખે છે?

**(1)**

........................................................................................................................................................................................................

(e) સારી કારકિર્દી માટે સુરતની કંપનીમાંથી મળેલો અનુભવ વિદ્યાર્થીઓને કઈ રીતે મદદરૂપ બને છે?

**(1)**

........................................................................................................................................................................................................

**(Total for Question 9 = 5 marks)**

**TOTAL FOR SECTION B = 15 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## SECTION C

### Translation

**10** Translate this passage into **English**.

વન્યજીવોના રક્ષણ માટે લોકોને જાણકારી આપવાનું કાર્ય અમે હાથ ધર્યું છે. આવાં કાર્યોનાં લીધે પર્યાવરણને જાળવવામાં અને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવામાં મદદ થશે. પક્ષીઓની સુરક્ષા માટે અને તેઓની સારવાર માટે છાવણીઓ પણ યોજવામાં આવે છે. આ ઉપરાંત, પ્રાણીઓને નુકસાન પહોંચાડ્યાં વગર દૂધનું ઉત્પાદન કેવી રીતે કરવું તે વિશેના દસ્તાવેજી ચલચિત્રો જનતા સુધી પહોંચાડવામાં આવ્યાં હતાં.

**(Total for Question 10 = 7 marks)**

**TOTAL FOR SECTION C = 7 MARKS**
**TOTAL FOR PAPER = 50 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**BLANK PAGE**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**BLANK PAGE**